# સુરતની દુર્ઘટનામાંથી ગાંધીનગર પાઠ શીખશે ?

સમયસર - પ્રકાશ જહા

સુરતમાં બનેલી ઘટનાએ એકેએક ગુજરાતીના હૃદયને હચમચાવી મુક્યું છે. યુવાનીમાં ડગ માંડતા દીકરા-દીકરીઓ જીવ બચાવવા માટે ત્રીજા માળેથી કુદતા હોય તેવા દૃશ્યો ભલભલા કઠણ કાળજાના માનવીને ઘેરા શોકમાં ડુબાડી દેવા પુરતા છે.

પંદરથી વધુ બાળકોના આ ઘટનામાં મૃત્યુ નીપજ્યા છે અને કેટલાય બાળકો ઘાયલ થયા છે. ભોગ બનનારા બાળકોના માતા-પિતાની હાલતની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. ઘટના બાદ રાબેતા મુજબ જવાબદારો સામે પગલાં લેવાની વાત કહેવાઈ રહી છે પરંતુ ઘટના પાછળના કારણો તપાસી આવી ઘટના ગુજરાતમાં કે દેશમાં ક્યાંય ન બને તેવી જડબેસલાક વ્યવસ્થા ગોઠવવામાં આપણુ તંત્ર કેમ વામણું પુરવાર થાય છે તે સમજાતુ નથી. ઘટના બાદ થોડાક દિવસ તેની ચર્ચા થાય છે પરંતુ થોડાક જ દિવસમાં તે ઘટનાને ભુલાવી દેવાય છે. આવા બનાવમાંથી બોધપાઠ લઈ તે મુજબની વ્યવસ્થા કરવામાં આપણે અને આપણુ સમગ્ર તંત્ર વામણુ પુરવાર થાય છે તે ખૂબ જ દુઃખદ છે.

શાળા-કોલેજ કે કોચીંગ ક્લાસીસના ધક્કામુક્કી કે આગની ઘટનાઓ આપણા દેશમાં નવી નથી. નાના નાના ભુલકાઓ અને યુવાનો જ્યારે આવી ઘટનાઓનો ભોગ બને છે ત્યારે જવાબદારો સામે ભયંકર ગુસ્સાનો માહોલ જોવા મળે છે. પરવાનગી વિના કે પુરતી કાળજી વિના નાના-મોટા શહેરોના આડેધડ બિલ્ડીંગો ઉભી થઈ જાય છે. ક્યાંક કોઈ ખામી હોય તો તેને લેવડદેવડ કરી ઢાંકી દેવાય છે. ભ્રષ્ટાચારી સરકારી અધિકારીઓ અને બિલ્ડરોની મીલીભગતથી લગભગ દરેક નાના મોટા શહેરોમાં આવી ગેરકાયદે ઈમારતોમાં શાળા, કોલેજ, ટ્યુશન ક્લાસીસ, કોચીંગ ક્લાસીસ અને હોટલ-રેસ્ટોરન્ટ બે રોકટોકપણે ચાલી રહી છે. ફાયરના સાધનો અહીં વસાવાય છે કે નહી, જો વસાવાયા હોય તો તેનુ મેન્ટેનન્સ યોગ્ય સમયે થાય છે કે નહી, જો ફાયર સેફટીના નિયમોનો ભંગ થયો હોય તો કયા પગલાં લેવાય છે તેની સામાન્ય માણસોને કોઈ જાણ જ નથી હોતી. આવી ઘટના બને ત્યારે જ સામાન્ય જનતાને આની જાણ થાય છે.

એકવીસમી સદીમાં જીવી રહેલા આપણે હજુ પૂર, આગ, વાવાઝોડુ જેવી દુર્ઘટનાઓ સામે વામણા પુરવાર થઈ રહ્યા છે. આંતરમાળખાકીય સુવિધાઓમાં વધારો કરવાની સાથે ફાયર અને ડીઝાસ્ટર મેનેજમેન્ટના સાધનો વસાવી શકતા નથી. જો ક્યાંક વસાવ્યા હોય તો અણીના સમયે તેનો ઉપયોગ કરી શકે તેવા ટ્રેઈન્ડ વ્યક્તિઓની આપણે ત્યાં હમેશા અછત રહે છે. જો કે આવી ઘટનાઓ બને જ નહી તેવા નિષ્ઠાવાન પ્રયાસો આપણે કરવા જોઈએ. ખાસ કરીને આગ જેવી માનવસર્જીત ઘટનાઓ ચોક્કસપણે નીવારી શકાય છે. ફાયર સેફટીના સાધનો માત્ર દેખાડાના નહી પરંતુ જડબેસલાક સુરક્ષા આપે તેવા હોવા જોઈએ. આવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રએ કોઈ પ્રકારની ચૂક કરવી જોઈએ નહી. આપણુ વ્હાલસોયુ બાળક આવી કોઈપણ પ્રકારની ઘટનાનો ભોગ બને તે પહેલાં આપણામાં પણ જાગૃતિ હોવી એટલી જ જરૂરી છે.

ગાંધીનગરમાં અનેક ઈમારતોની છત પર અને ભોંયરાઓમાં અનેક નાના-મોટા ક્લાસીસ, હોસ્પિટલો હોટલ અને રેસ્ટોરન્ટ ધમધમે છે. એક જ ઈમારતમાં અલગ અલગ ફ્લોર પર હોટલ, રેસ્ટોરન્ટ, શાળા, કોલેજ કે ક્લાસીસ ચાલે છે ત્યારે તો ફાયરસેફટીના સાધનોની અનિવાર્યતા દરેકને સમજાવવી જોઈએ. તંત્રએ, મ્યુનિસિપલ કોર્પોરેશનોએ આ ઘટનામાંથી બોધપાઠ લઈ તાત્કાલિક આવી ઈમારતોની તપાસ કરી પગલાં લેવા જોઈએ.

# ગાંધીનગર શહેરમાં ચાલતા ટ્યુશન ક્લાસીસની ફાયર સેફ્ટીની તપાસ કરાશે

## જ્યાં સુધી ટ્યુશન ક્લાસીસની તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી ક્લાસીસ બંધ રહેશે : તંત્ર

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરમાં ચાલી રહેલા ટ્યુશન ક્લાસીસમાં જ્યાં સુધી ફાયર સેફ્ટીની તપાસ ન થાય ત્યાં સુધી શહેરમાં તમામ ટ્યુશન ક્લાસીસને બંધ રાખવાના આદેશો મ્યુનિ. કમિશ્નર ડૉ. રતનકંવર ગઢવી(ચારણ) દ્વારા જારી કરવામાં આવ્યા છે.

સુરતના સરથાણા વિસ્તામાં આજે બનેલી ઘટના પછી શહેરી વિકાસ વિભાગ હરકતમાં આવતાં જ તંત્ર દ્વારા આ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ અંગેના જરૂરી આદેશો પણ જારી કરી દેવામાં આવ્યા છે.

કાલે સવારથી ગાંધીનગર ફાયર બ્રિગેડની ટીમ દ્વારા ફાયર સેફ્ટીની તપાસ હાથ ધરવામાં આવશે.

મનપાના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ વાણિજ્ય વિસ્તારો તેમજ રહેણાંક વિસ્તારમાં ચાલતા ટ્યુશન ક્લાસીસના તમામ સુંકુલોમાં આ અંગે તપાસ થશે અને આ હુકમનો ભંગ કરનાર સામે દંડનીય તેમજ કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

આ સૂત્રોએ એવુ પણ જણાવ્યુ છે કે શહેરના વાણિજ્ય વિસ્તારમાં આવેલા સંકુલોમાં પણ ફાયરસેફ્ટી અંગે અલગથી સર્વે અને ચકાસણી કરવામાં આવશે. આ ઝુંબેશ પણ આ સાથે જ શરૂ કરવામાં આવશે.

એક અંદાજ મુજબ ગાંધીનગર શહેરમાં ૫૦ થી પણ વધુ ટ્યુશન ક્લાસીસ ચાલી રહ્યા છે.

# હવે નવરાત દરમિયાન શાળાઓમાં વેકેશન આપવામાં આવશે નહીં

## દિવાળી વેકેશનની રજાઓ ઉપરાંત નવરાતની રજાઓના લીધે શૈક્ષણિક પ્રક્રીયા પર વિપરિત અસર થાય છે : ધો -૯ અને ૧૧ માં રીટેસ્ટ પણ લેવામાં આવશે નહીં

ગાંધીનગર તા ૨૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની શૈક્ષણિક સમિતિ દ્વારા હવેથી નવરાત દરમિયાન શાળાઓમાં વેકેશન નહીં આપવાનો નિર્ણય લીધો છે. શૈક્ષણિક સમિતિની બેઠક દરમિયાન અન્ય પણ મહત્વના નિર્ણયો લેવાયા હતા. જયારે દિવાળી વેકેશન ઘટાડીને નવરાતનુ વેકેશન આપવાથી શૈક્ષણિક પ્રક્રીયામાં તકલીફો થતી હોવાનુ તારણ ધ્યાને આવતા શાળાઓમાં નવરાત્રિ વેકેશન નહીં આપવાનો પણ સમિતિએ નિર્ણય લીધો છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની શૈક્ષણિક સમિતિની જે બેઠક મળી હતી. જેમાં હવેથી શાળાઓમાં નવરાત્રિ વેકેશન નહીં આપવાનો નિર્ણય લેવાયો છે. ગત નવરાત્રિ દરમિયાન શાળાઓમાં વેકેશન જાહેર કરાયુ હતુ. જયારે નવરાત દરમિયાન શાળાઓમાં વેકેશન જાહેર થતા વિદ્યાર્થી આલમમાં ખુશીની લહેર પણ પ્રવર્તી હતી. પરંતુ બોર્ડની શૈક્ષણિક સમિતિની બેઠક દરમિયાન નવરાત્રિમાં વેકેશનમાં નહીં આપવાનો નિર્ણય પણ લેવાયો છે. નવરાત દરમિયાન શાળાઓમાં રજા આપવાથી દિવાળી વેકેશન પણ ટુંકાવવુ પડે છે. જયારે નવરાતની રજાઓના લીધે શૈક્ષણિક પ્રક્રીયા પર વિપરિત અસર પડે છે. જે બાબતોને ધ્યાનમાં રાખી આ નિર્ણય લેવાયો હોવાનુ પણ સુત્રોએ જણાંવ્યુ છે. આ ઉપરાંત ધો -૯ અને ૧૧ માં રીટેસ્ટ નહીં લેવાનો પણ નિર્ણય સમિતિ દ્વારા લેવાયો છે. બેઠક દરમિયાન બોર્ડના ૧૫ જેટલા સભ્યો દ્વારા ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહ તેમજ ધો -૧૦ ના પરિણામના ગુણ ચકાસણી સહીત આગામી શૈક્ષણિક સત્ર અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

# શહેરમાં ગરમી સાથે તેજ પવન ફુંકાયા

## તાપમાન ૪૧.૮ ડિગ્રી : દિવસે આકરો તાપ યથાવત વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ વધતા બફારો અનુભવતા શહેરીજનો



ગાંધીનગર તા ૨૪

ગાંધીનગરમાં ગરમીનો પારો રોજબરોજ ચઢઉતર થાય છે. સિઝનની રેકર્ડ બ્રેક ગરમી વચ્ચે અગાઉ ૪૪ ડિગ્રીને ગરમી પાર થયા બાદ હજુ મહત્તમ તાપમાન ૪૧ થી ૪૨ ડિગ્રી વચ્ચે રહેતા દિવસ દરમિયાન આકરી ગરમી વેઠવાનો વારો આવ્યો છે. જો કે આજે ગરમીનો પારો એક ડીગ્રી નીચે ઉતર્યો હતો. મહત્તમ તાપમાન ૪૧.૮ ડીગ્રી રહ્યુ હતુ.

ગાંધીનગરમાં ગરમીનો પારો છેલ્લા એક સપ્તાહથી ચઢઉતર થઈ રહ્યો છે. ઉનાળાની શરૂઆતથી જ ગરમી આક્રમક સ્વરૂપમાં જોવા મળી હતી. જયારે માર્ચ મહીનાથી શરૂ થયેલી ગરમીની સિઝન દરમિયાન મહત્તમ દિવસોમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીને પાર રહેતા સતત ગરમીના લીધે નગરજનો બેબાકળા બની ગયા છે.

ગરમીની સિઝનમાં બે વારના વાતાવરણ પલ્ટાના અંતે શહેરીજનોએ ગરમીમાં રાહત અનુભવી હતી. ગત મહીનામાં વરસાદી ઝાપટાના લીધે પણ ગરમીનો પારો નીચે ઉતર્યો હતો. જો કે એપ્રિલ મહીના દરમિયાન ગરમીનો પારો ૪૪ ડિગ્રીને પાર થઈ જતા અંગદઝાડતી ગરમીના લીધે નગરમાં આગના ગોળા વરસ્યા હતા. જયારે સપ્તાહ પુર્વે પણ ગરમીનુ પ્રમાણ નોંધપાત્ર ઘટતા ઉનાળો જાણે અદ્રશ્ય થઈ ગયો હોય તેમ લાગી રહ્યુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર

### અચાનક જ પવન ફુંકાતા સેકટરોમાં ધુળની ડમરીઓ ઉડી

શહેરમાં આકરી ગરમીની મોસમ નિખરી છે. ગરમીનો પારો રોજબરોજ ચઢઉતર કરતા શહેરીજનો હજુ હીટવેવથી પ્રભાવિત છે. માર્ચ મહીનાથી શરૂ થયેલી ગરમીની મોસમે નગર પર મનભરીને હેત વરસાવતા અત્યાર સુધી સિઝન સિઝનનુ મહત્તમ તાપમાન પણ ૪૪ ડિગ્રી નોંધાયુ છે. જયારે હળવા વાતાવરણ પલ્ટાના લીધે ગરમીની મોસમ પણ પ્રભાવિત થઈ રહી છે. આજે પણ શહેરમાં બપોરના સમયે અચાનક જ જોરશોરથી પવન ફુંકાયો હતો. સેકટરોમાં ઉડતી ધુળની ડમરીઓથી જનજીવન પ્રભાવિત થયુ હતુ. ૬ થી ૮ કી મી ની ઝડપે પવન ફુંકાતા વાહનચાલકો પણ માર્ગ વચાળે ઉભા રહી ગયા હતા. આકરી ગરમી વચ્ચે એકાએક પવનુ જોર વધતા શહેરીજનો વાતાવરણ પલ્ટાની રાહે હતા. પરંતુ થોડીવારમાં જ વાતાવરણમાં યથાવત સ્થિતિ જોવા મળી હતી. ઉડતી ધુળની ડમરીઓના લીધે શહેરમાં થોડીવાર માટે ધુળિયો માહોલ જોવા મળ્યો હતો. જેના લીધે ગરમીનુ પ્રમાણ પણ એક ડીગ્રી ઘટયુ હતુ. પરંતુ વાતાવરણાં ઉકળાટના લીધે શહેરીજનોએ બફારો અનુભવ્યો હતો.

# બ્યુટિફીકેશન પાછળ કરોડોનો ખર્ચ છતા સેકટરોનો ચિતાર દર્શાવતા બોર્ડ કંગાળ

## શહેરની સુંદરતાને ઠેસ પહોચાડતા આ બોર્ડસ દુર કરવા માટે પ્રબળ માંગ

ગાંધીનગર તા ૨૪

શહેરના સેકટરોમાં કટાયેલા સ્ટ્રીટ લાઈટના થાંભલા કટાયેલી અને જોખમી હાલતમાં છે. જયારે સેકટરોનો ચિતાર દર્શાવતા જુના બોર્ડસ પણ કટાયેલી હાલતમાં બિનઉપયોગી નજરે પડે રહી રહ્યા છે. સેકટરોની સુંદરતાને ઠેસ પહોંચાડતા આ બોર્ડસને દુર કરવામાં પણ તંત્ર નિરસતા સેવી રહ્યુ છે. દાયકાઓ પુર્વે લગાવેયાલા આ બોર્ડસ અગાઉ સેકટરની મુલાકાતે આવતા બહારગામના નાગરિકોને ઉપયોગી બનતા હતા. ગાંધીનગરના સેકટરો અસ્તિત્વમાં આવ્યા ત્યારે સેકટરોનો નકશા સાથે વિવિધ સ્થળોનુ લોકેશન દર્શાવતા આ બોર્ડસ અજાણી વ્યક્તિઓ માટે દિશાસુચક બનતા મુલાકાતીઓ સહીત સ્થાનિકો પણ આ બોર્ડસનો વિશેષ ઉપયોગ કરતા હતા. પરંતુ છેલ્લા દોઢ દાયકાથી આ બોર્ડસ તદન બિનઉપયોગી હાલતમાં જોવા મળી રહ્યા છે. અલબત્ત આ બોર્ડસ કટાયેલી હાલતમાં હોવાથી તેમાં દર્શાવેલ વિગતો તેમજ જાણીતા સ્થળો અંગે પણ કાંઈ ખ્યાલ આવતો નથી. આમછતા તંત્ર દ્વારા સેકટરોની સુંદરતાને ઠેસ પહોંચાડતા આ પ્રકારના બોર્ડસ હજુ દુર કરાયા નથી. બીજીબાજુ આ પ્રકારના બોર્ડસને રંગરોગાન પણ કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

INDIAN INSTITUTE OF TEACHER EDUCATION

Ramkrishna Paramhans Education Complex, Nr. Mahatma Mandir, "KH"-5, Sectro 15, Gandhinagar. Phone : 079-23243733.

ભાવ પત્રક મેળવવા અંગે

આઈ.આઈ.ટી.ઈ.ગાંધીનગરનાં મુખ્ય સંકુલ ખાતે હૉર્ડિંગ્સ માટેના સ્ટ્રક્ચર ઉભા કરવા ભાવો આમંત્રિત કરવામાં આવે છે. ભાવ પત્રક અંગેની વિગતો તેમજ ભાવો મોકલવા અંગેની વિગતો આઈ.આઈ.ટી.ઈ.ની વેબ સાઈટ www.iite.ac.in પરથી જોવાની રહેશે, ભાવ પત્રક અંગેની વિગત વેબસાઈટ પરથી ડાઉનલોડ કરીને ભરવાના રહેશે. તા.૨૭/૦૫/૨૦૧૯ થી તા.૦૩/૦૬/૨૦૧૯ સુધીમાં ભરીને પહોચાડવાના રહેશે.

સ્થળ : ગાંધીનગર — કા.કુલસચિવ

તારીખ : ૨૪/૦૫/૨૦૧૯ — આઈ.આઈ.ટી.ઈ.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

KisaN

ashirvad

BENELAVE

DR. FIXIT

TATA STEEL • PIPES • SHEETS

ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# ગાંધીનગર (ઉ)માં ભાજપે ૧૮૫ બુથમાં તો કોંગ્રેસે ૬૦ બુથમાં સરસાઈ મેળવી

## સરસાઈ ૧ મતથી લઈ ૩૦૦ મત સુધીની છે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર (ઉ) વિધાનસભા વિસ્તારમાં ૧૮૫ બુથોમાં ભારતીય જનતા પક્ષના ઉમેદવાર અમીત શાહે ૧ મતથી લઈ ૩૦૦ સુધીની સરસાઈ પ્રાપ્ત કરી હતી.

જ્યારે ૬૦ બુથોમાં કોંગ્રેસના ડૉ. સી.જે. ચાવડાએ પણ ૧ થી ૩૦૦ મત સુધીની સરસાઈ પ્રાપ્ત કરી હતી.

આંકડા વિશ્લેષકો દ્વારા મળેલા મતો અંગેનું વિશ્લેષણ ચાલી રહ્યુ છે. મળેલા મતોમાં એક ચિત્ર સ્પષ્ટ રીતે બહાર આવ્યુ છે કે ભાજપે સાતેય વિધાનસભા મતવિસ્તારમાં કોંગ્રેસને પછડાટ આપી છે. બીજી તરફ ભાજપ અને કોંગ્રેસે પણ આ વિશ્લેષણને લઈ પોતપોતાની રીતે ચિંતન શરૂ કરી દીધુ છે. ગાંધીનગર શહેરમાં ભાજપે સારી એવી સરસાઈ પ્રાપ્ત કરી છે પણ શહેરના ૩૦ થી વધુ બુથોમાં કોંગ્રેસે પણ સારી એવી સરસાઈ મેળવી છે.

કોંગ્રેસ પક્ષે હારનું દોષારોપણ નહિ કરવાનું પણ આગામી દિવસોમાં વધુ અસરકારક રીતે પ્રજાના પ્રશ્નોને વાચા આપી અને પ્રજા માનસને જીતવાની રણનીતિ તૈયાર કરવા મન બનાવી લીધુ છે.

ગ્રામ્ય વિસ્તારમાં પણ કોંગ્રેસે સારી લડત આપી છે એટલુ જ નહિ શહેરના નવા સેક્ટરો જે ભાજપનો ગઢ ગણાય છે તેમાં પણ સરસાઈ પ્રાપ્ત કરી છે. ક્યાંક ભાજપને પણ શહેરી વિસ્તારમાં સરસાઈનો તફાવત ઓછો છે તો કોંગ્રેસનો પણ ઓછો છે.

કોંગ્રેસને ૧૫ બુથમાં ૧૦૦ કરતાં ઓછા વોટ મળ્યા છે ત્યારે ભાજપને પણ પાંચ બુથમાં ૧૦૦ કરતાં ઓછા વોટ મળ્યા છે. જોકે ત્રણેક બુથમાં મતદારોની સંખ્યા પણ ઓછી હોવાથી આ ચિત્ર આંકડા વિશ્લેષકોના વિશ્લેષણમાં બહાર આવ્યુ છે.

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

BRIDGESTONE

apollo go the distance — એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા — CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

# જિલ્લામાં ૧લી જુનથી ગ્રામસભા અભિયાન

ગાંધીનગર, તા. ૨૪

આગામી ૧લી જુનથી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ગ્રામસભાઓનો આ વર્ષનો પ્રથમ દોર આરંભાશે. આ ગ્રામસભાઓનું આયોજન તાત્કાલિક તૈયાર કરી અને મોકલી આપવાની સૂચનાઓ જિલ્લાતંત્ર દ્વારા આપવામાં આવી છે.

જિલ્લામાં ૧લી જુનથી શરૂ થનાર ગ્રામસભા અભિયાન ૧૫મી જુન સુધી ચાલશે. આ આયોજન ૩૦મી સુધીમાં તૈયાર કરી જિલ્લાકક્ષાએ મળી જાય તે રીતે સૂચના આપવામાં આવી છે.

આ પછી આયોજનના આધારે જિલ્લાના અધિકારીઓને લાયઝન અધિકારી તરીકે નિયુક્ત કરી ગ્રામસભાઓમાં હાજર રહેવા માટેના આદેશો કરવામાં આવશે.

ચૂંટણીની પ્રક્રિયા સંપન્ન થતાં જ ધીમી ગતિએ પણ તંત્રએ આજે જ ગિયર બદલી નાખ્યો છે અને વહીવટીય કામગીરી જે ઠપ્પ થઈ હતી તે પુનઃ કાર્યરત થઈ રહી છે.

આ ગ્રામસભાોમાં પંચાયતધારાની જોગવાઈઓને આધીન રહી કરવામાં આવી રહ્યુ હોવાથી તંત્રએ પણ તે દિશામાં તેનુ સમગ્ર ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. આયોજન મળી ગયા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે દિવસના બે તબક્કામાં આ ગ્રામસભાઓ યોજવામાં આવશે. પ્રથમ તબક્કામાં સવારના ૧૧ વાગ્યાના સુમારે બીજી સભાનો તબક્કો સાંજે ૪.૩૦ પછી હાથ ધરાશે તેમ જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે ગ્રામસભાઓમાં જે પ્રશ્નો રજુ થશે તેની વિગતો સાથેનો અહેવાલ તૈયાર કરવામાં આવશે એટલુ જ નહિ આ માટે જિલ્લાકક્ષાએ એક મોનીટરીંગ કમિટી પણ બનશે.

જિલ્લામાં ૩૦૩ ગામોમાં આ અભિયાન અંતર્ગત ગ્રામસભાઓ યોજવામાં આવશે.

# કોંગ્રેસના નેતાઓને તેમના મતવિસ્તારમાં જનમત નહીં

## ભાજપે કોંગ્રેસના મતવિસ્તારમાંથી પણ બહુ પ્લાનીંગ અને સિફતતાપૂર્વક મત આંચકી લીધા

ગાંધીનગર, તા.૨૪

લોકસભા ચૂંટણીના પરિણામો ભાજપ અને એનડીએ માટે ઐતિહાસિક અને રેકોર્ડબ્રેક રહ્યા તો, કોંગ્રેસ માટે બહુ ખતરનાક આઘાત સમાન બની રહ્યા . ખાસ કરીને ગુજરાતમાં તમામ ૨૬ બેઠકો પર ભગવો લહેરાતાં કોંગ્રેસની હાલત તો બહુ કફોડી બની ગઈ છે. વિપક્ષ નેતા પરેશ ધાનાણી સહિતના કોંગ્રેસના ધારાસભ્યોએ હારની સાથે પોતાના જ મત વિસ્તારમાંથી જ જનમત નહી મળતાં ધાનાણી સહિત કોંગ્રેસના અનેક મોટા માથાઓ વધેરાઈ ગયા હતા. ખુદ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાના મતવિસ્તાર આંકલાવમાં પણ ભાજપને જંગી લીડ મળી હતી એટલે કે, ભાજપે કોંગ્રેસના મતવિસ્તારમાંથી પણ બહુ પ્લાનીંગ અને સિફતતાપૂર્વક મતો આંચકી લીધા હતા. લોકસભા ચૂંટણીના પરિણામોના આઘાતમાંથી બહાર આવતાં કોંગ્રેસને ઘણો સમય લાગી જશે એમ રાજકીય વિશ્લેષકોનું માનવું છે. વિધાનસભાની ૨૦૧૭ની ચૂંટણીમાં કોંગ્રેસમાંથી જીતનારા ધારાસભ્યો પણ આ વખતે તેમના મતવિસ્તારોમાં કોંગ્રેસને મત અપાવવામાં સફળ રહ્યા નથી. ભાજપના લોકસભા ઉમેદવાર

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com